# પ્રથમ લેખિત કસોટી - 2014

તારીખ : 7-10-2014
વાર : મંગળવાર

## ધોરણ - 6

## વિષય : ગુજરાતી

સમય : 11-00 થી 14-00

| કુલ ગુણ - 80 |
|---|
| મેળવેલ ગુણ - |

**સૂચનાઓ : પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખો.**

---

પ્રશ્ન - 1 **(અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** 10

(1) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ?

(ક) વેદોની (ખ) કૃષ્ણની (ગ) દેવોની (ઘ) પુણ્યની

(2) વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી ?

(ક) પરમેશ્વરની (ખ) મૂર્તિની (ગ) ચિત્રની (ઘ) ગણપતિની

(3) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો ?

(ક) સ્વચ્છતાનો (ખ) નમ્રતાનો (ગ) ખુમારીનો (ઘ) વફાદારીનો

(4) રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કોણે કહ્યા છે?

(ક) ગાંધીજીએ (ખ) ઝવેરચંદ મેઘાણીએ (ગ) મહેન્દ્ર મેઘાણીએ (ઘ) ધીરૂભાઈએ

(5) કવિએ કઈ મોસમને 'મહેનતની મોસમ' કહે છે ?

(ક) લણવાની (ખ) વસંતઋતુની (ગ) ચોમાસાની (ઘ) શિયાળાની

(6) 'કપાળમાં ઉગે વાળ તો ભાલમાં ઉગે ઝાડ'- આ પંક્તિ શું સૂચવે છે ?

(ક) રૂઢિપ્રયોગ (ખ) કહેવત (ગ) વિચાર-વિસ્તાર (ઘ) કવિતા

(7) 'લેખણ ઝાલીનો રહીં' પાઠના લેખકનું નામ જણાવો.

(ક) જોરાવરસિંહ જાદવ (ખ) સંતબાલ (ગ) નાથાલાલ દવે (ઘ) કિશોરસિંહ સોલંકી

(8) ખાડાની ધારે કેવી રીતે ચાલવાનું છે.

(ક) સાચવીને (ખ) ધીરજથી (ગ) ગંભીરતાથી (ઘ) સમય સંજોગો જોઈને

(9) નોકરને જવાબ શીખવનાર કોણ હતું ?

(ક) અકબર (ખ) બિરબલ (ગ) બેગમ (ઘ) ફાંસીગર

(10) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શું કહે છે?

(ક) ખાડો (ખ) હવાડો (ગ) કુંડ (ઘ) જળ વાડો

**(બ) નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.** 4

(1) આપણા બેમાં વધારે અપશુકનિયાળ કોણ.

(2) આખી દુનિયાના રસ્તાઓ સાથે અમારુ ગોંદરુ સંકળાયેલું છે.

(3) વિષયો તો બધા સારા છે ઈચ્છો તે વિષયનો સ્વાધ્યાય કરો.

(4) એક જાણીતી કહેવત છે બોલે તેના બોર વેચાય.

**(બ) સમાનાર્થી શબ્દો લખો.** 2

(1) પંથ (2) કાંટા (3) ધૈર્ય

પ્રશ્ન - 2 **(અ) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.(ગમે તે ત્રણ)** 9

(1) દુકાનદારને કેમ નવાઈ લાગી?

(2) 'રવિશંકર વ્યાસ'ને 'મહારાજ' નું બિરૂદ કેમ મળ્યું ?

Scanned by CamScanner

(3) સાંજે જમતા વખતે રાજા કેમ ગુસ્સે થયા ?

(4) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ કઈ રમતોની વાત કરી છે ?

(બ) નીચે 'અ' વિભાગમાં કૃતિના નામ આપ્યા છે સામે 'બ' વિભાગમાં તેના કર્તાના નામ આપ્યા છે તેને યોગ્ય રીતે જોડો. 4

| | અ | બ |
|---|---|---|
| (1) | મહેનતની મોસમ | સંતબાલ |
| (2) | લેખણઝાલી નો રહી | નાથાલાલ દવે |
| (3) | પગલે પગલે | કિશોરસિંહ સોલંકી |
| (4) | પાદર | જોરાવરસિંહ જાદવ |

(ક) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ) 3

(1) હિંમત (2) સંતોષ (3) નીરસ (4) પરદેશ

પ્રશ્ન - 3 (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (ગમેતે ચાર) 8

(1) ભારતમાં ક્યા કયા ધર્મ પાળતી પ્રજા વસે છે?

(2) લીંપી-ગુંપીને ખળાં શા માટે કરવા પડે છે?

(3) કવિ પ્રેમળતા પ્રગટાવવાનું શા માટે કહે છે?

(4) સીમ કોને સાદ કરે છે ?

(5) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

(બ) નીચેના શબ્દોને શબ્દ કોશના ક્રમમાં ગોઠવો. 4

શિસ્ત, ખાંડુ, હાટડી, આભ, નિર્ભય, ક્ષમા.

(ક) નીચેની સંજ્ઞાના પ્રકાર જણાવો. 4

નદી, હિમાલય, ઘી, સૈન્ય

પ્રશ્ન - 4 (અ) નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. 8

(1) ગામનું પાદર (2) ખેતીનું મહત્વ (3) મારો પ્રિય વૈજ્ઞાનિક

(બ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.(ગમે તે ત્રણ) 6

(1) આત્મા રેડી દેવો (2) પગરણ માંડવાં (3) દહાડો બગાડવો (4) મૂછ મરડવી

(ક) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.(ગમે તે બે) 2

(1) સવારનો નાસ્તો (2) પાઘડીના જેવો વિસ્તાર (3) નદી કિનાર પાસેની બખોલો

પ્રશ્ન - 5 (અ) મુદ્દા પરથી વાર્તા લખો અને યોગ્ય શીર્ષક આપો. 6

હરણ અને કાગડો - મિત્ર - જંગલમાં સાથે - એક બીજા વિના ન રહેવું - મિત્રનું માનવું - શિયાળનું આવવું - કાગડાને સમજ આવી જવી - હરણને વાત કરવી - શિયાળની લાલચ - હરણને ફસાવવું - કાગડાની ના - હરણનું ન માનવું - જાળમાં ફસાવું - મિત્રની યાદ આવવી - કાગડાનું આવવું - બચી જવું.

અથવા

તમારે બહારગામ જવાનું થવાથી શાળામાં ત્રણ દિવસ જઈ શકાય તેમ નથી તો વર્ગ શિક્ષકને રજા ચિઠ્ઠી લખો.

(બ) નીચેની કાવ્ય પંક્તિઓનો ભાવાર્થ લખો. 4

નદિયુનાં જલ નીતર્યા

ડાંડીમાં લીલા લહેર રે...

(ક) નીચેના શબ્દોના વાક્ય પ્રયોગ કરો. 4

(1) આભ (2) મોલ (3) મલક (4) ઓસડ

(ડ) નીચેના શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો. 2

હીંમત, મુર્તિ

Scanned by CamScanner